# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-04-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## P.M:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું,ગઈકાલે સમગ્ર દેશ જયારે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો હતો ત્યારે તેમના આદર્શ સરકારને હંમેશા માર્ગદર્શન આપતા રહેશે. હરિયાણાના હિસારમાં ગઈકાલે એક જનસભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ગત 11 વર્ષથી બાબાસાહેબનું જીવન, તેમનો સંઘર્ષ અને તેમનો શાશ્વત સંદેશ સરકારની યાત્રાનો આધાર રહ્યો છે.

------------------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી-ન્યાય પ્રણાલિ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, નરેન્દ્ર મોદી સરકાર દેશની ન્યાય પ્રણાલિ લોક-કેન્દ્રિત અને વૈજ્ઞાનિક બનાવવાનો પ્રયાસ કરી રહી છે. નવી દિલ્હીમાં ગઈકાલે અખિલ ભારતીય ન્યાયસહાયક વિજ્ઞાન શિખર સંમેલનને સંબોધતા; શ્રી શાહે કહ્યું, સરકાર દરેકને સમયસર ન્યાય અપાવવા અને તેમને ન્યાયથી સંતોષ થાય તે દિશામાં કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું, દેશમાં ફોજદારી ન્યાય વ્યવસ્થાને મજબૂત કરવામાં ન્યાયસહાયક વિજ્ઞાન ઘણું ઉપયોગી છે.

------------------------------------------------------------------------------------------

## BAOU દીક્ષાંત સમારોહ:

ગઈકાલે ડૉ.બાબાસાહેબની જન્મજયંતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં દસમા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, જે વિદ્યાર્થી માતા-પિતા, સમાજ અને દેશની અપેક્ષાઓ પૂર્ણ કરે છે તે જ સફળ છે. તેમણે કહ્યું કે,સાચી શિક્ષા એ છે કે જે માત્ર નોકરી માટે નહીં પણ સમાજ માટે ઉપયોગી બને.

દીક્ષાંત સમારોહમાં 18 હજાર 108 વિધાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, જ્ઞાન અને માહિતી વચ્ચે પાતળી ભેદરેખા છે, શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય તે માહિતી અને આ માહિતીનો લોક કલ્યાણ માટે ઉપયોગ થાય તે જ્ઞાન છે. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ ધ્યેયનિષ્ઠા, તેજસ્વીતા અને પરાક્રમની વૃત્તિ કેળવનાર નચિકેતા જેવા નવયુવાનોની દેશને જરૂર હોવાનું જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## માદક પદાર્થ જથ્થો:

રાજ્યના આતંકવાદ વિરોધી દળ - A.T.S. અને તટરક્ષકની ટુકડીએ પોરબંદરની દરિયાઈ સરહદ પાસેથી એક હજાર 800 કરોડ રૂપિયાનો માદકપદાર્થ કબજે કર્યો છે. 300 કિલોથી વધુનો જપ્ત કરાયેલો જથ્થો પોરબંદર લવાયો છે.

પાકિસ્તાનના ડ્રગ્સ માફિયાનો આશરે 400 કિલો જેટલો ગેરકાયદેસર માદક પદાર્થનો જથ્થો પસની બંદરેથી પાકિસ્તાનની માછીમારી બોટમાં ભરી પોરબંદરના નજીક ભારતીય જળ સીમામાં આવી રહ્યો હોવાની મળેલી બાતમીને આધારે સંયુક્ત દળોએ અભિયાન હાથ ધરીને 311 પેકેટમાં આશરે 311 કિલો માદક પદાર્થ જપ્ત કર્યો હતો.

ગુજરાત એટીએસે વર્ષ 2018 થી અત્યાર સુધી દરિયાઇ માર્ગે ફીશીંગ બોટ મારફતે માદક પદાર્થોની ઘુસણખોરીનાં 20 કેસમાં પાંચ હજાર કિલોથી વધુ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે, જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં 10 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

---------------------------------------------------------------------------------------

## રાપર દુર્ઘટના:

રાપર તાલુકાના આડેસર નજીક આવેલા વરણું ગામમાં ગઈકાલે બપોરે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. હાઇવે પટ્ટીના વરણું ગામે પશુઓ માટે રાખેલા ઘાસચારાના મોટા જથ્થામાં ભીષણ આગ લાગી હતી.

આ આગમાં પાંચ માલધારીઓનો 50 ટ્રેક્ટર જેટલો સૂકો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. આ દુર્ઘટનામાં અંદાજે રૂપિયા ત્રણથી ચાર લાખની નુકસાની થઈ છે. આગને કાબૂમાં લેવા માટે ભચાઉ ફાયર વિભાગના વાહનોને બોલાવવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યનાં મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધીને 41 થી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની આગાહી કરી છે.

15 થી 17 એપ્રિલ દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનને પગલે માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## આઈ.પી.એલ:

આઇપીએલની ગઈકાલે રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે ચેન્નાઇ સુપર કિંગ્સનો પાંચ વિકેટે વિજય થયો હતો. લખનઉ સુપર જાયન્ટ્સે આપેલા 167 રનનું લક્ષ્ય પીછો કરતા ચેન્નાઇ સુપર કિંગ્સે 19.3 ઓવરમાં લક્ષ્ય આંબી લીધું હતું.

---------------------------------------------------------------------------------------------